**ફોજદારી કેસ નં:–૧૯૧૩/૧૯.**

**આંક:– ૧ લગત હુકમ**

**(૧).** હાલના કામે આરોપી વિરુધ્ધ ફરીયાદી પોલીસ કર્મી ધ્વારા આરોપી વિરુધ્ધ નશાબંધી અધિનીયમની કલમ–૬૬(૧)બી, ૮૫(૧) હેઠળના ગુના સબબ ફરીયાદ આપતા સંબધિત પોલીસ સ્ટેશને ગુનો નોંધી સદર ગુનાના કામે ત.ક.અ.શ્રી ધ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવતાં મે.ચીફ જયુડીશીયલ સાહેબશ્રી ધ્વારા સદર ગુનાનું સંજ્ઞાન લઈ સદર કેસ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી સારૂ મોકલી આપતા આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ તેમજ આરોપી હાજર થતા ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૦૭ હેઠળ આરોપીને નકલો પુરી પાડવામાં આવેલ.

**(૨).** ત્યારબાદ કેસનું રેકર્ડ ધ્યાને લેતા હાલની ફરીયાદ પોલીસ કર્મી ધ્વારા આપવામાં આવેલ છે. તેમજ ચાર્જશીટ ધ્યાને લેતા પંચ સાહેદો સીવાયના તમામ સાહેદો પોલીસકર્મી છે. વધુમાં ફરીયાદ અને પંચનામાની હકીકતો વંચાણે લતા આરોપી સદર ફરીયાદ હકીકત અગર પંચનામામાં આરોપી કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય અગર ઉપદ્રવ કે અયોગ્ય ભાષા વાપરતો હોય કે કોઈ સ્ત્રી સાથે અશિષ્ટ વર્તન કરતો હોય તે મુજબનું કૃત્ય કરતો હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાઈ આવેલ નહી. પોલીસકર્મી ધ્વારા તેમની ફરીયાદમાં ફકત લથડીયા ખાતો હોવાના/લવારી બકવાટના સર્વસામાન્ય આક્ષેપ કરેલ છે. તે અંગે કોઈ ચોકકસ શબ્દો કે હકીકતો ફરીયાદ કે નિવેદનમાં જણાવેલ નથી.

**(૩).** વધુમાં આરોપીએ જાહેરમાં પોતાની જાતને ખુલ્લી મુકી દીધેલ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાઈ આવેલ નથી.

**(૪).** આમ, ઉપરોકત સંજોગોમાં ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ–૮૫(૧) ધ્યાને લેવી જરૂરી છે જે સરળતા ખાતર અત્રે નોંધેલ છે.

85. Penalty for being drunk and for disorderly behaviour : (1) Whoever, in any street, thoroughfare, public, in any place to which public have or are permitted to have access, is drunk and creates nuisance, takes up any quarrel with any person, uses foul or abusive language, indulges in any fight with others, misbehabes with any woman or behaves term which may extend to three years but which shall not be less than one year with fine.

આમ, ઉપર્યુકત હકીકત મુજબનો ગુનો બનતો હોવાની પ્રથમ દર્શનીય કોઈ હકીકત જણાઈ આવતી નથી. સદર જોગવાઈ સરળતા ખાતર અત્રે નોંધેલ છે.

**(૫).** આમ, હાલના કેસની કાર્યવાહી ઉપર્યુકત ચર્ચા મુજબ ૮૫(૧) નું તહોમત ફરમાવવા પુરતો પુરાવો જણાઈ આવતો નથી. તે સંજોગોમાં નામદાર વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ચાર્જના તબકકે કોર્ટ ધ્વારા જયુડીશીયલ માઈન્ડ એપ્લાય કરવાનું રહે છે. જે અંગે નામદાર સર્વોચ્ચ અદાલતના ASIM SHARIFF VS. NATIONAL INVESTIGATION AGENCY ના CRIMINAL APPEAL NO(s).949 OF 2019 (Arising out of SLP(Crl.) No(s). 1253 of 2019) ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે,

"19. Taking note of the exposition of law on the subject laid down by this Court, it is settled that the judge while considering the question of framing charge under Section 227 CrPC in sessions cases (which is akin to Section 239 CrPC pertaining to warrant cases) has the undoubted power to sift and weigh the evidence for the limited purpose of finding out whether or not a prima facie case against the accused has been made out: where the material placed before the Court discloses grave suspicion against the accused which has not been properly explained, the Court will be fully justified in framing the charge: by and large if two views are possible and one of them giving rise to suspicion only, as distinguished from grave suspicion against the accused, the trial judge will be justified in discharging him. It is thus clear that while examining the discharge application filed under Section 227 CrPC, it is expected from the trial judge to exercise its judicial mind to determine as to whether a case for trial has been made out or not. It is true that in such proceedings, the Court is not supposed to hold a mini trial by marshalling the evidence on record."

(૬). આમ, કેસના સંજોગો ધ્યાને લેતા ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ–૬૬(૧) બી સબબનું જ તહોમતનામું ફરમાવી શકાય તેવી હકીકતો રેકર્ડ ઉપર હોય સદર ગુના સબબ

પ્લી નોંધતા આરોપીએ ગુનો કબુલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં આ અંગેની ગુના કબુલાત પુરસીસ રજુ રાખેલ છે.

(૭). આમ, આરોપી પક્ષે ગુનાની કબુલાત સ્વૈચ્છિક રીતે કોઈપણ પ્રકારના દબાણ વિના ગુનો કબુલ કરતા હોય જે નહી માનવાને કોઈ કારણ નથી. આરોપી પક્ષે રજુઆત છે કે, આરોપી ગરીબ વર્ગના છે. તેમજ તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે છે. વધુમાં હાલનો ગુનો તેઓનો પ્રથમ ગુનો હોવાની રજુઆત છે.

(૮). આમ, કેસની હકીકત, આરોપીના આર્થિક પરિસ્થિતી તથા સ્વૈચ્છિક કબુલાત ઘ્યાને લઈ તેમજ તે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા 'સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ધ નટવર હરચંદજી ઠાકોર' ના ૨૦૦૫ ક્રિમીનલ લો જર્નલ ૨૯૫૭ પર પ્રસિઘ્ધ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો ઘ્યાને લેતા આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાશે તેમ જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચીત આવે છે.

**— : આખરી હુકમ :—**

(૧). હાલના કામે આરોપીને ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ—૮૫(૧)ના કામે બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). હાલના કામે આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ—૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ—૬૬(૧) બી મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/— (અંકે રૂપિયા પાંચસો પુરાનો ) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા ફરમાવુ છુ અને જો દંડની રકમ ન ભરે તો દિન—૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ તારીખ ૧૪ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃ— અમદાવાદ.
તા.૧૪/૦૯/૨૦૧૯.

(સી.જે.પટેલ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨.અમદાવાદ.
કોડ નં. જીજે.૦૧૦૫૬.